# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2563 ❖ પોષ પૂર્ણિમા ❖ 11 જાન્યુઆરી 2020 ❖ વર્ષ – 20 ❖ અંક – 10 ❖ સળંગ અંક - 238


## ધમ્મવાણી

**यस्स पापं कतं कम्मं कुसलेन पिथीयति ।**
**सोमं लोकं पभासेति अब्भा मुत्तोच चन्दिमा ।।**

જે પોતે કરેલા પાપ–કર્મને કુશલ કર્મ વડે ઢાંકી દે છે, તે વાદળરહિત ચંદ્રની માફક આ લોકને પ્રકાશિત કરી દે છે.

**-ધમ્મપદ**

## નિસ્સંદેહ બુદ્ધ બનશે

બહુજ પ્રાચીન વાત છે. પ્રત્યંત પ્રદેશનું એક નગર. એ સમયમાં પ્રત્યંત પ્રદેશ સરહદી પ્રદેશને કહેતા હતા. તે પ્રદેશ જયાં આપણા દેશની સીમાનો અંત થાય છે અને પ્રતિવેશી એટલે પડોશી દેશની સીમાનો પ્રારંભ થાય છે. હા, તો આવા પ્રત્યંત પ્રદેશનું આ પરમ રમણીય નગર. નામ પણ હતું રમ્ય. આજે આ નગરીમાં ખૂબ અવર–જવર છે. લોકોએ પોતપોતાના ઘર વાળીઝૂડીને સાફ કરી લીધા છે. લીંપીગૂંપીને સુંદર નયનરમ્ય બનાવી દીધા છે. ઘર–ઘરના દરવાજા પર આંબાનાં લીલાં પાંદડા અને રંગબેરંગી ફૂલોનાં તોરણ બાંધ્યાં છે. નવા કાપેલા કેળના વૃક્ષના સ્તંભો લગાવ્યા છે, જેમાં કોઇ કોઇ પર કેળાનાં ફૂલ અને ફળની લૂમ લટકી રહી છે. પાણી ભરેલા કળશ રાખ્યા છે જેના પર કેળાનાં ફૂલ અને ફળની લૂમ લટકી રહી છે. પાણી ભરેલા કળશ રાખ્યા છે જેના પર નાળિયેર રાખેલા છે. નાળિયેરની આજુબાજુ આંબાનાં લાંબા પાંદડા છે અને લાંબી લીલી ધરો તેની શોભા વધારી રહી છે. ગૃહિણીઓએ ઉમંગ ભરેલા મનથી પોતપોતાના ઘર આંગણામાં ભોક પૂર્યા છે. રંગબેરંગી રંગોળી દ્વારા વિલેપન–મંડન કળાના ઉત્કૃષ્ટ નમૂના રજૂ કર્યા છે.

નગરના સાર્વજનિક ચોકમાં અત્યંત સુંદર મંડપ બાંધવામાં આવ્યો છે, જેને વિમલ, કોમલ, નવલ નીલ કમળ પુષ્પોથી શણગાર્યો છે. પાંચ પ્રકારની માંગલિક અનાજની ધાણી ભૂમિ પર પાથરવામાં આવી છે. મંડપ પર શુભ્ર શ્વેત વસ્ત્રનો ચંદરવો બાંધેલો છે. તેની ચારેબાજુ સુંદર, સુગંધિત ફૂલ–પાનની માળા બાંધી છે. વિવિધ રંગની નાની મોટી ધ્વજ–પતાકા લગાવેલી છે. નગરના માર્ગો અને શેરીઓ પર પણ બહુરંગી ઝંડાનાં તોરણો બાંધેલાં છે. તોરણો વડે દ્વાર સજાવેલાં છે.

બાળકો અને બાલિકાઓએ, કિશોર અને કિશોરીઓએ, યુવક અને યુવતીઓએ પોતપોતાના મનપસંદના એક થી એક સુંદર વસ્ત્ર–આભૂષણો પહેર્યાં છે. નગરના સૌ નર–નારીઓ આકર્ષક પરિધાનો અને અલંકારોથી સુસજ્જિત છે. જાણે કે કોઇ ઉલ્લાસભર્યા ઉત્સવની તૈયારીઓ થઇ રહી છે. ગઇ રાત્રીએ ભારે વર્ષા થઇ હતી, પરિણામ સ્વરૂપ નગરની બહાર એક કાચી સડક ધોવાઇ ગઇ. તેના ઉપર કયાંક–કયાંક ખાડા ગઇ ગયા હતા. જેમાં પાણી ભરાઇ ગયું અને સડક પર ઠેકઠેકાણે કીચડ થઇ ગયો હતો. ઘણાં બધા લોકો નજીકથી પથ્થર–કાંકરા અને સૂકી માટી લાવી લાવીને તે સડકની મરંમત કરવામાં લાગ્યા હતા.

– શું આપના નગરમાં આજે કોઇ ઉત્સવ ઊજવવાનો છે ? નગરમાં આવેલા એક નવા આગંતુકે સડકની મરંમત કરવાવાળી એક વ્યકિતને પૂછયું :

– હા ભાઇ, સ્વાગત ઉત્સવ ઊજવીશું. લાગે છે તમે પરદેશી છો ? અહીં માટે અજાણ્યા છો ? તમને ખબર નથી. અમારા સૌભાગ્યથી આ પ્રત્યંત પ્રદેશમાં ભગવાન દીપંકર બુદ્ધ પધાર્યા છે. પોતાના ભિક્ષુ સંઘની સાથે અમારા આ રમ્ય નગરની બહાર સુદર્શન નામના મહાવિહારમાં બિરાજયા છે. નગરના અગ્રગણ્ય લોકો કાલે તેમનાં દર્શન કરી આવ્યા અને તેમને ભોજન માટે નિમંત્રણ આપીને આવ્યા છે. આખું નગર તેમના સ્વાગતની તૈયારીઓમાં લાગ્યું છે. ત્યાં પેલા મોટા મંડપમાં ભોજનદાનનું સામૂહિક આયોજન છે. લોકો તેમને બોલાવવા ગયા છે. તેઓ અહીં આવવાની તૈયારીમાં જ છે.

અમારે આ કીચડવાળી સડકને જલ્દી સુધારવાની છે, જેથી ભગવાન બુદ્ધ અને તેમના ભિક્ષુ શિષ્યોને આના ઉપરથી પગપાળા ચાલવામાં કોઇ તકલીફ ન થાય.

– શું કહો છો ?, બુદ્ધ ? શું સાચેસાચ કોઇ વ્યકિત બુદ્ધ બન્યા છે ? યુવાન તપસ્વીએ વિસ્મયકારક નજરે પૂછયું.

– હા ભાઇ, ભગવાન દીપંકર સમ્યક્ સમ્બુદ્ધ બની ગયા છે. શું તમને આ વાતની પણ જાણ નથી ? લાગે છે તમે સાચોસાચ અજાણ્યા છો.

સાચેસાચ તે અજાણ્યો જ હતો. દૂરના દેશનો રહેવાસી હતો. મધ્યમ દેશની અમરાવતી નામની મહાનગરીમાં એક અત્યંત

ધનાઢ્ય બ્રાહ્મણ કુળમાં જન્મેલો નામ સુમેધ. અનેક પૂર્વ જન્મોના કુશળ સંસ્કારોના કારણે બાળપણથી જ સાંસારિક સુખ ભોગો પ્રત્યે અરુચિ જાગી. યુવાવસ્થા પ્રાપ્ત થતાં-થતાં એક દિવસ વારસામાં મળેલી બધી જ ધન-સંપદા વહેંચીને ગૃહત્યાગી બન્યો અને દૂરના હિમ પ્રદેશના ધમ્મિક નામના પર્વત પર તપ કરવા ચાલ્યો ગયો. ત્યાં તપતાં-તપતાં તેને આઠેય લોકીય ધ્યાન સમાપત્તિઓ પ્રાપ્ત થઇ. પાંચેય અભિજ્ઞાન એટલે ઋદ્ધિઓ ઉપલબ્ધ થઇ. પોતાના ઋદ્ધિબળથી જ તે આજે અહીંયા પહોંચ્યો હતો. તેને એ જાણીને અત્યંત સુખદ આશ્ચર્ય થયું કે લોકમાં દીપંકર નામના સમ્યક્ સમ્બુદ્ધ ઉત્પન્ન થયા છે.

તેનું આખું શરીર આનંદથી પુલકિત ગઇ ઊઠ્યું. એક બુદ્ધ અને બીજા બુદ્ધની વચ્ચેનો સમયગાળો એટલો મોટો હોય છે કે મોટા ભાગના લોકો બુદ્ધ શબ્દ ભૂલી જાય છે. આથી આ શબ્દ સાંભળવો પણ દુર્લભ થઇ જાય છે. હકીકતમાં કોઇનું બુદ્ધત્વ પ્રાપ્ત કરી લેવું અને એવા કોઇ બુદ્ધનો સાક્ષાત્કાર થવો બહુ મોટા સૌભાગ્યની વાત હોય છે. આજે એને બુદ્ધનાં પ્રત્યક્ષ દર્શન થશે. આ ચિંતન માત્રથી યુવાન તપસ્વી સુમેધ હર્ષ વિભોર થઇ ઊઠયો.

સડકની મરંમત કરનારા નાગરિકોને તેણે હાથ જોડી વિનંતી કરી, મરંમત કરવામાં આવી રહેલી આ સડકનો આગળનો થોડો ભાગ મને સોંપવામાં આવે. હું આ વિષમ ભૂમિને સરતળ કરું. આનું કીચડ દૂર કરું. ભીનીને સૂકી કરું. તેને ભગવાનને ચાલવા યોગ્ય બનાવું. આ સેવાના પુણ્યમાં મને પણ ભાગીદાર બનવા દો.

તપસ્વી સુમેધનું વ્યકિતત્વ ખૂબ ભવ્ય હતું. લાંબો ઘાટીલો દેહ, ગૌર વર્ણ, મોટી મોટી તેજસ્વી આંખો, રૂઆબદાર ચહેરો, માથા પર કાળા કાળા વાળની લાંબી જટા, શરીર પર વલ્કલ વસ્ત્ર, કાંખમાં મૃગચર્મ, હાથમાં કમંડલ. લોકો તેના ભવ્ય આકર્ષક વ્યકિતત્વથી પ્રભાવિત થયા. તેની માંગણીનો અસ્વીકાર ન કરી શકયા.

સુમેધ ભાવવિભોર થઇ સડકની મરંમતમાં લાગી ગયો. તેણે નાગરિકો પાસેથી એક પાત્ર લીધું. નજીકથી સૂકી રેતી ભરી ભરીને લાવતો અને કીચડવાળી સડક પર પાથરતો. તેના તેજસ્વી ચહેરા પર પરિશ્રમી પરસેવાના બિંદુ ઊભરાઇ આવ્યા અને ઊગતા સૂર્યના પ્રકાશ-કિરણોમાં મોતીઓની જેમ ચમકવા લાગ્યા. બુદ્ધના આગમનની વાત વિચારતાં વિચારતાં તેનું મન આનંદથી નાચવા લાગતું. તે ઉમંગભર્યા ઉત્સાહની સાથે પોતાના કામમાં લાગી જતો.

એટલામાં એકા એક જનસમૂહમાં હર્ષધ્વનિ ઊઠયો. ભંતે ભગવાન પધારી રહ્યા છે, **'बुद्धं शरणं गच्छामि'**નો મંગલઘોષ ગૂંજી ઊઠયો. તપસ્વી સુમેધનું તન-મન પુલક રોમાંચથી ભરાઇ ઊઠયું. સાચેસાચ સામે ભગવાન દીપંકર બુદ્ધ છે. મંદ ગતિથી ધીમે ડગલે નજીક આવી રહ્યા છે. આંખોમાં કરૂણાની અજસ્ત્ર અમૃતધારા વહી રહી છે. તપસ્વી આ દર્શન માત્રથી ધન્યતા અનુભવ કરવા લાગ્યો. પરંતુ ત્યારે જ તેને ધ્યાનમાં આવ્યું કે સડકનો નાનો સરખો ભાગ હજુ મરંમત કર્યા વગરનો રહી ગયો છે.

ત્યાં દળ દળ છે, કાદવ છે, કીચડ છે, ભગવાન અને તેમના ભિક્ષુ સંઘને આ કીચડમાં પગ મૂકીને આવવું પડશે. એ તો બહુ જ અનુચિત થશે. તેણે તે કીચડભરેલી જગ્યા પર તત્ક્ષણ પોતાનું મૃગચર્મ પાથરી દીધું. ભગવાન અને ભિક્ષુ સંઘ આની પર પગ રાખીને આગળ વધશે. પરંતુ વળી જોયું કે ચાર હાથ કીચડની જગ્યા હજુ પણ બાકી રહી ગઇ છે. સુમેધે વિચાર્યું, અરે મારું આ શરીર શું કામમાં આવશે ? આનાથી સારો બીજો કયો ઉપયોગ થશે આનો ? આથી તે પેલા કાદવવાળા સ્થાન ઉપર ઊંધા મોઢે સૂઇ ગયો અને પોતાની જટા ખોલીને આગળ પાથરી દીધી.

ભગવાન અને ભિક્ષુ સંઘ આ જટા ઉપરથી ચાલે, મારા શરીર ઉપરથી ચાલે. ભલે મારા અંગ ક્ષત-વિક્ષત થઇ જાય, પરંતુ તેમના પગમાં કીચડ ન લાગે અને કીચડમાં સૂતાં-સૂતાં સુમેધ તાપસ ચિંતન કરવા લાગ્યો, મેં ધ્યાનની ઊંચામાં ઊંચી અવસ્થાઓ પ્રાપ્ત કરી છે. સાચેસાચ મારી પાસે પર્યાપ્ત પુણ્ય પારમિતાઓ પણ છે અને હવે ભગવાન બુદ્ધનું સાક્ષાત્ સાનિધ્ય પ્રાપ્ત થયું છે. તેમની પાસેથી વિપશ્યનાની મુકિતદાયિની વિદ્યા શીખીને થોડા જ પરિશ્રમથી નિતાંત વિમુકત અવસ્થા પ્રાપ્ત કરી શકું છું, પણ આથી તો ફકત મારી જ મુકિત થશે. શું એ માટે પરાક્રમ કરું ? આ તો બહુ ઊતરતી કક્ષાની વાત થશે. સ્વાર્થભરી, હીન વાત થશે.

ના, મારે માત્ર પોતાની મુકિત માટે પરિશ્રમ નથી કરવો. મારે આ ભગવાન દીપંકરની જેમ સમ્યક્ સમ્બુદ્ધ બનવું છે. ભલે તેમાં બહુ લાંબો સમય લાગે અનેક કલ્પો લાગી જાય. ભલે તે માટે મારે વિપુલ પરાક્રમ પુરૂષાર્થ કરવો પડે. પરંતુ આ પ્રકારે સમ્યક્ સમ્બોધિ પ્રાપ્ત કરીને હું અનેકોની મુકિતમાં સહાયક બની શકીશ અને સમ્યક્ સમ્બોધિ પ્રાપ્ત કરવા માટે પારમિતાઓની અધિક પરિમાણમાં પરિપુષ્ટિ કરવામાં જે લાંબો સમય લાગશે, તેમાં પણ અગણિત લોકોને ધર્મ તરફ પ્રવૃત્ત કરવાનું જ પુણ્ય કાર્ય કરતો રહીશ. મને આ જ જીવનમાં મુકિત નથી જોઇતી. મારે સમ્યક્ સમ્બુદ્ધ બનવું છે.

ત્યાં સુધીમાં ભગવાન દીપંકર બુદ્ધ બિલકુલ નજીક આવી ગયા. તેમણે ઊંધા મોઢે સૂતેલા તપસ્વી સુમેધ તરફ જોયું. ચેતોપરિજ્ઞાનની સિદ્ધિથી પોતાના ચિત્તની સ્થિતિ જાણી અને સ્મિત કર્યું. ત્રિકાળજ્ઞાની ભગવાને યુવાન તપસ્વીનો ભૂતકાળ જોયો. તેની પાસે અનેક કલ્પોની પર્યાપ્ત માત્રામાં પારમિતાઓ છે. આ ગૃહત્યાગીએ આ મનુષ્ય જીવનને પણ સાર્થક કર્યું છે. કઠણ પરિશ્રમ દ્વારા આઠેય ધ્યાન-સમાપત્તિઓ ઉપલબ્ધ કરી છે. આ સમયે તેને વિપશ્યના વિદ્યા મળતાં જ અલ્પ સમયમાં જ આ વ્યકિત ભવમુકત અરહંત અવસ્થા પ્રાપ્ત કરી લેશે.

ભગવાને જોયું, આ વ્યકિતએ આ સમયે અનેકોના હિત-સુખ માટે પોતાની આશુમુકિતનો સહર્ષ ત્યાગ કરવાનો દૃઢ સંકલ્પ લીધેલો છે. આગામી અસંખ્ય કલ્પો સુધી આ જ પારમિતાઓને બહુ

જ મોટા પરિમાણમાં અધિક પરિપુષ્ટ કરવાનું તેનું અધિષ્ઠાન સાચેસાચ સુદૃઢ છે. આ સંકલ્પ માત્ર ભાવાવેશજન્ય નથી. લોકહિત માટે લાંબા સમય સુધી કષ્ટ સહન કરી શકવાની તેનામાં પ્રબળ ક્ષમતા પણ છે. ત્યારે ભગવાને તેનું ભવિષ્ય જોયું અને સ્મિત કર્યું. સુમેધના માથા પાસે ઊભેલા ભગવાન દીપંકર બુદ્ધે ત્યારે આ આર્શીવાદમયી મંગલ ઘોષણા કરી :

– ભિક્ષુઓ, આ જે જટાધારી ઉગ્ર તપસ્વી કીચડમાં ઊંધા મોઢે સૂતો છે, અત્યંત શ્રદ્ધાવાન છે, દૃઢ નિશ્ચયી છે. તેણે આ સમયે જે દૃઢ નિશ્ચય કર્યો છે, એ તેના માટે બોધિનું બીજ બન્યું છે. આ બુદ્ધાંકુર બોધિસત્ત્વ અદમ્ય ઉત્સાહ સાથે જન્મ–જન્માંતરોમાં પોતાની પારમિતાઓને અત્યંત પ્રબલ–પુષ્ટ કરતાં રહીને, અનેક પ્રાણીઓને અત્યંત પ્રબલ–પુષ્ટ કરતાં રહીને, અનેક પ્રાણીઓને ધર્મપંથ ઉપર પ્રેરિત કરતો રહેશે અને ચાર અસંખ્ય અને એક લાખ કલ્પ પૂરાં થતાં સિદ્ધાર્થ ગૌતમ નામનો સમ્યક્ સમબુદ્ધ બનશે.

ભગવાનનો આર્શીવાદમય જમણો હાથ ઊંચો થયો અને મેઘર્જના જેવી મોદભરી વાણીમાં તેમણે કહ્યું, **ध्रुवं बुद्धो भविस्ससि।** નિસંદેહ આ વ્યક્તિ બુદ્ધ બનશે. સમગ્ર વાતાવરણમાં આ બુદ્ધવાણી ગૂંજી ઊઠી. લોક–લોકાન્તરોના અસંખ્ય ચક્રવાલોમાંથી આ બુદ્ધવાણીની પ્રતિદ્વનિ ગૂંજી ઊઠી :

**ध्रुवं बुद्धो भविस्ससि। ध्रुवं बुद्धो भविस्ससि।**

**ध्रुवं बुद्धो भविस्ससि।**

**-કલ્યાણમિત્ર સત્યનારાયણ ગોયન્કા**

**-"જાગે પાવન પ્રેરણા" પુસ્તકમાંથી સાભાર**

## વિપશ્યના ગુજરાતી પત્રિકા હવે e - સ્વરૂપમાં

અગાઉ જણાવ્યા અનુસાર હવે જુલાઇ, ૨૦૨૦ થી વિપશ્યના ગુજરાતી પત્રિકાનું કાગળ પર મુદ્રણ બંધ કરવામાં આવશે. હાર્ડ કોપીના બદલે તે કેવળ સોફ્ટ કોપીના માધ્યમથી પ્રકાશિત કરાશે.

**નવેમ્બર ૨૦૧૯ થી જૂન ૨૦૨૦** સુધી પત્રિકા બંને સ્વરૂપે ઉપલબ્ધ કરાશે. આપ બને તેટલું જલદી આપનું મેઇલ આઇડી અથવા વોટ્સએપ નંબર વિપશ્યના કાર્યાલયને **મો. ૭૮૭૮૭ ૨૭૨૨૩** પર પહોંચાડશો, જેથી આપને પત્રિકા કોઇ વિક્ષેપ વિના લગાતાર મળતી રહે.

વિપશ્યના ધ્યાનનું પ્રથમ ચરણ

**"આનાપાન ધ્યાન"**

શીખવા માટે તેમ જ વિપશ્યના વિશે વિશેષ માહિતી મેળવવા માટે

**જોડાવ આપણા વોટસએપ ગ્રુપ સાથે**

ગ્રુપમાં જોડાવા માટે વોટસએપ મેસેજ કરો "આપનું નામ, શહેરનું નામ"

આ નંબર સેવ કરો

**94262 02222**

વિપશ્યના પરિચય તેમજ સૌરાષ્ટ્રના કેન્દ્રોની માહિતી માટે ગૂગલ પ્લે સ્ટોર પર

**"એન્ડ્રોઇડ એપ્લીકેશન"**

ઉપલબ્ધ છે.

**VIPASSANA DHAMMAKOT**

# ધમ્મકોટ - એક દિવસીય શિબિર

## તારીખ : ૨૩-૦૨-૨૦૨૦, રવિવાર

**સમય :** સવારે ૯–૦૦ થી સાંજે ૫–૦૦

**નોંધ :** કેન્દ્ર ઉપર જવા–આવવા માટે નિઃશુલ્ક બસ સેવા રાખવામાં આવેલ છે. નામ નોંધાવવું જરૂરી છે.

બસનો રૂટ નીચે પ્રમાણે રહેશે.

**રૂટ :-** ૭.૩૦ કલાકે – રૈયા ચોકડી, ૭.૩૫ કલાકે – રૈયા ટેલિકોમ એક્સચેંજ, ૭.૪૦ કલાકે – કે.કે.વી. સર્કલ, ૭.૪૫ કલાકે – બિગ બઝાર, ૭.૫૦ કલાકે – નાના મવા ચોકડી, ૭.૫૫ કલાકે – મવડી ચોકડી, ૮.૦૦ કલાકે – ગોંડલ ચોકડી

**વધુ માહિતી માટે સંપર્ક : સિટી ઓફિસ**

**મો.: ૭૮૭૮૭૨૭૨ ૨૩ (નામ રજિસ્ટ્રેશન કરાવવા)**

# ધમ્મકોટ નવા કેન્દ્રનું નિર્માણ

વર્તમાન ધમ્મકોટ કેન્દ્રની જગ્યા કેટલાય સમયથી ઓછી પડતી હોવાથી હાલમાં જ રંગપર ગામ ખાતે ૨૧ એકરની વિશાળ જગ્યામાં નવા કેન્દ્ર અને સંલગ્ન આવશ્યક સુવિધાઓનું નિર્માણ કરવાનું આયોજિત છે.

**નવા ધમ્મકોટ કેન્દ્રની વિશેષતાઓ નીચે મુજબ હશે :**

| | |
|---|---|
| ૧. સાધક–સાધિકાઓ માટે આવાસ | ૨૮૦ રૂમ |
| ૨. ધમ્મહોલ મોટા | ૩ |
| ૩. ધમ્મહોલ નાના | ૬ |
| ૪. શૂન્યાગાર | ૨૮૦ |
| ૫. ડાઇનિંગ હોલ | ૨ |
| ૬. આચાર્ય નિવાસ | ૮ |
| ૭. કાર્યાલય–ઓફિસ | ૧ |
| ૮. અતિથિ કક્ષ–ગેસ્ટ હાઉસ | ૬ |
| ૯. સ્ટાફ ક્વાર્ટર | ૧૦ |

**પ્રથમ ચરણમાં કરવામાં આવનાર કામોની વિગત નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ૧. સાધક–સાધિકાઓ માટે આવાસ | ૧૦૦ રૂમ |
| ૨. ધમ્મહોલ | ૧ |
| ૩. શૂન્યાગાર | ૧૨૦ |
| ૪. ડાઇનિંગ હોલ | ૧ |
| ૫. આચાર્ય નિવાસ | ૪ |
| ૬. કાર્યાલય–ઓફિસ | ૧ |
| ૭. કમ્પાઉન્ડ વોલ | ૬૦૦૦ રનિંગ ફૂટ |

આપ જોઇ શકશો કે આગામી વર્ષોમાં અહીં ધર્મના પ્રસારનું કાર્ય મોટા પાયે થવા જઇ રહ્યું છે. કેટલાયે સાધકો અહીં સાધના કરીને ધર્મ પામશે. આ પુનીત કાર્યમાં, નિર્માણ ખર્ચમાં સહભાગી થઇને આપ પુણ્ય પારમીનું અર્જન કરી શકશો. દાનની રકમ બેંક ખાતે જમા કરાવવા માટે બેંક ખાતાની વિગત નીચે આપી છે.

**ખાતાનું નામ :** સૌરાષ્ટ્ર વિપશ્યના રીસર્ચ સેન્ટર

**બેંક : HDFC LTD.** બેંક **શાખા :** યાજ્ઞિક રોડ, રાજકોટ

**ખાતાનંબર :** ૫૦૧૦૦૦૨૬૬૧૩૧૨૮ **ખાતુ :** સેવિંગ એકાઉન્ટ

**IFSC કોડ :** HDFC0000101 **MICR કોડ :** ૩૬૦૨૪૦૦૦૨

# ગુજરાતના વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૯-૨૦ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઇનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧.
રજિસ્ટ્રેશન – સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
**સંપર્ક ::**
Ph.: 0281-2233666,
M : 78 78 72 72 23,
M : 78 78 72 72 40,
M : 93279 23540,
E-mail : dhammakot@gmail.com

29-01 to 09-02-20
12-02 to 23-02-20
04-03 to 15-03-20
18-03 to 29-03-20
01-04 to 12-04-20
15-04 to 26-04-20

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
03-09 to 11-09-20
**3 DAYS**
27-02 to 01-03-20
**1 DAY**
23-02-2020
29-03-2020
26-04-2020

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–૮ બોરિયાચ ટોલનાકાથી 2km પશ્ચિમે, **ગામ :** વગલવાડ, તા.: ગણદેવી. **સંપર્ક :**
Mo : 99090 38250
Mo : 95865 82660,
94281 60714,
98250 44536. E-mail : info@ambika.dhamma.org

05-02 to 16-02-20
19-02 to 01-03-20
13-03 to 24-03-20

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
14-09 to 22-09-20
**10-DAY SPL.**
12-09 to 23-09-20
**3 DAYS**
05-03 to 08-03-20
09-04 to 12-04-20
**Teen. Girls**
15-04 to 23-04-20
**Teen. Boys**
25-04 to 03-05-20

## ધમ્મસિંધુ-બાડા

**સીટી સંપર્ક :**
C/o. યુનિક આર્કિટેક્ટ, ૨૦૪, આશીર્વાદ કોમ્પલેક્ષ, લાકડા બજાર, માંડવી, કચ્છ–૩૭૦ ૪૬૫
**સંપર્ક :**
Ph.: 02834-237303,
M : 78746 23305
96385 77325
E-mail : info@sindhu.dhamma.org

19-02 to 01-03-20
06-04 to 17-04-20
19-04 to 30-04-20

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
21-04 to 29-04-20
**20 DAYS**
04-03 to 25-03-20
**30 DAYS**
04-03 to 04-04-20
**3 DAYS**
09-04 to 12-04-20
**Teen. Girls**
18-04 to 26-04-20
**Teen. Boys**
07-04 to 15-04-20

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના કેન્દ્ર–ધમ્મપીઠ અમદાવાદ
રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦
**સંપર્ક :**
M : 89800 01110
M : 94264 19397
E-mail : info@pitha.dhamma.org

05-02 to 16-02-20
19-02 to 01-03-20
04-03 to 15-03-20
18-03 to 29-03-20
01-04 to 12-04-20
15-04 to 26-04-20
10-05 to 21-05-20
27-05 to 07-06-20
10-06 to 21-06-20

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
20-08 to 28-08-20
**3 DAYS**
30-04 to 03-05-20

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.
**સંપર્ક :**
Ph.: 02762-272800,
M : 8840833000
98240 65668
E-mail : info@divakara.dhamma.org

29-01 to 09-02-20
12-02 to 23-02-20
26-02 to 08-03-20

**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
14-03 to 22-03-20
**10-DAY SPL.**
12-03 to 23-03-20
**2-DAYS**
02-07 to 04-07-20
**3-DAYS**
05-11 to 08-11-20
**20 DAYS**
22-07 to 12-08-20
**30 DAYS**
22-07 to 22-08-20

## ધમ્મપાલિ

ગામ: ટોડી, સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર.
**સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :**
M : 7878103636
M : 97149 11913
M : 97149 10913
**સિટી ઓફીસ :**
Ph. 0278 - 2521066,
M : 88 66 71 3636
E-mail : dhammapali15@gmail.com

12-02 to 23-02
04-03 to 15-03
25-03 to 05-04

**ફક્ત જૂના સાધકો માટે**
**STP-**13-6 to 21-6-20
**1 DAY -** 02-02-2020

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
Ph.: 02697- 245460, 245302
M : 94265 00765.
દિપકભાઈ સંપર્ક : M.94289 00794
Time 10.00am to 5.30 pm
E-mail : vipassana.dharmaj@gmail.Com

14-02 to 25-02-20
05-05 to 16-05-20
10-07 to 21-07-20
**3 Days-**27-3 to 30-3-20
**1 DAY-** 03-05-2020

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઇઝ ફોટો અને ફોટો આઇડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

જ્યોં છાયી છત મેં નહીં, વર્ષા–જલ ઘુસ પાય ।
ત્યોં હી સંયત ચિત્ત મેં, રાગ દ્વેષ ના આય ।।

કુટિયા છાયી જતન સે, અબ બરસો મેઘેશ ।
છાયી ચિત્ત પર ધરમ છત, હોય ન રાગ પ્રવેશ ।।

હોય ન પૂર્વાત્તાપ ભી, હોય ન પશ્ચાત્તાપ ।
ઉત્તાપન સે મિટ સકે, કૈસે ભવ–સંતાપ ।।

## દોહા ધરમના

ભૂલ હોય ઝટ રોક લે, કરે તુરત સ્વીકાર ।
સજગ હોય ફિર ના કરે, તો હી છુટે વિકાર ।।

અંતર–ગંગા ધર્મ કી, સતત પ્રવાહિત હોય ।
પ્રતિપલ સજગ તટસ્થ રહ, મુક્ત દુઃખોં સે હોય ।।

ધર્મ સદા જાગૃત રહે, પ્રજ્ઞા પડે ન મંદ ।
ઇન્દ્રિય સુખ કો ભ્રાંતિવશ, માન ન નિત્યાનન્દ ।।

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 11 જાન્યુઆરી 2019** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013. Postal Reg. No. RAJKOT/450/2018-20
(Renewed upto 31.12.2020)
Weighs less than 30 gms
Posting day-25th of every month, Posted at Rajkot RMS - 360 001.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર** (પત્રિકા વિભાગ)
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org
**Web site :** www.kota.dhamma.org